Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/ - ૯૬૩૪૦

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૧૪ /૦૯/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ સરકારી અને અનુદાનિત માધ્યમિક,ઉ.મા. શાળાઓ તરફ
જિ-સુરત

આ સાથે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિકસતી જાતિ) બહુમાળી ભવન,નાનપુરા,સુરતના પત્ર ક્રમાંક/જિનાની/વિ.જા/NSP/૨૦૨૨-૨૩/૮૯૨ તા.૧૨/૦૯/૨૦૨૨ NSP Portel પર ભારત સરકારશ્રીની ધાર્મિક લઘુમતી માટેની વર્ષ-૨૦૨૨-૨૩ ની પ્રિ-મેટ્રિક/પોસ્ટ મેટ્રિક અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ યોજના તથા BHMNS યોજનાની માહિતી અને પ્રમાણપત્ર બાબતે જાણ તથા અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

# જિલ્લા નાયબ નિયામક ની કચેરી(વિકસતી જાતિ)

જુની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત

ફોન:૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com


નં.જિનાનિ/વિ.જા/NSP/૨૦૨૨-૨૩/૮૯૨ તા.૦૯/૦૯/૨૦૨૨
૧૨

**તાત્કાલીક /સમય મર્યાદા**

પ્રતિ,

આચાર્યશ્રી (તમામ શાળા/સંસ્થા/કોલેજ)

જિ.સુરત.

વિષય-: NSP PORTAL પર ભારત સરકારશ્રીની ધાર્મિક લઘુમતિ માટેની વર્ષ:૨૦૨૨-૨૩ ની પ્રિ.મેટ્રીક/ પોસ્ટ મેટ્રીક અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ યોજના તથા BHMNS યોજનાની માહિતી અને પ્રમાણપત્ર બાબત.

સંદર્ભ :- અત્રેની કચેરીના તા.૦૪/૦૮/૨૦૨૨ ના પત્ર નં.જિનાનિ/વિ.જા./NSP/૨૦૨૨-૨૩/૮૩૯.

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે, NSP PORTAL પર ધાર્મિક લઘુમતીના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય દ્વારા પ્રિ.મેટ્રીક, પોસ્ટ મેટ્રીક અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ અંતર્ગત ઓનલાઇન કામગીરીની માહિતી તથા સમયમર્યાદાની વિગત આપને અત્રેની કચેરીના ઉક્ત સંદર્ભપત્રથી વિગતવાર જણાવવામાં આવેલ હતી. આ પત્ર મારફત આપને ફરીથી ઉક્ત સંદર્ભ પત્રમાં જણાવેલ માહિતી તથા સરકારશ્રી મારફત જાહેરાતમાં દર્શાવેલ સૂચનાઓને ધ્યાને લઇને આપના લોગીનમાં રહેલ ઓનલાઇન અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવા આપને જણાવવામાં આવે છે અને **જો શક્ય હોય તો તા.૦૫/૧૦/૨૦૨૨ સુધીમાં પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અને તા.૦૫/૧૧/૨૦૨૨ સુધીમાં પોસ્ટમેટ્રીક અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી પૂર્ણ કરવા આપને આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.**

"BHMNS (બેગમ હજરત મહલ નેશનલ સ્કોલરશીપ)" યોજના સુચિત છ લઘુમતિ સમુદાયો એટલે કે મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, બૌધ્ધ, જૈન અને પારસી જાતિની ધો.૯ થી ૧૨ માં અભ્યાસ કરતી કન્યાઓ માટેની શિષ્યવૃતિ યોજના ગતવર્ષ થી શરૂ થયેલ છે. આ યોજના હેઠળ આપની શાળા/સંસ્થામાં અભ્યાસ કરતી ધો.૯ થી ૧૨ ફક્ત કન્યાઓની દરખાસ્ત અત્રેની કચેરીને ઓનલાઇન ફોરવર્ડ કરવાની રહેશે અને તે **તમામ વિદ્યાર્થીઓની એક પ્રમાણિત યાદી તથા શાળા/સંસ્થાનું નિયત નમૂનાનું પ્રમાણપત્ર અને વિદ્યાર્થિનીઓએ ભરેલ ઓનલાઇન ફોર્મની નકલ તેમજ જરૂરી આધારો (શાળાનું બોનાફાઇડ પ્રમાણપત્ર, આવકનું પ્રમાણપત્ર, ધાર્મિક લઘુમતિનું પ્રમાણપત્ર, માર્કશીટની સ્વ-પ્રમાણિત નકલ જેમાં ટકા ફરજીયાત દર્શાવવાના રહેશે. – જો શાળા મારફત ગ્રેડ આપવામાં આવતો હોય તો ગ્રેડને ટકામાં ફેરવીને ટકાની નોંધ માર્કશીટમાં કરવાની રહેશે)** સાથે અત્રેની કચેરીને **તા.૦૫/૧૦/૨૦૨૨** સુધીમાં મળી રહે તે મુજબ તાત્કાલિક પુરી પાડવાની રહેશે. જેથી ઉક્ત જાતિની કન્યાઓની વહેલી તકે ઓનલાઇન અરજી અત્રેથી મંજુર કરી શકાય. જે શાળા/સંસ્થાની "BHMNS" યોજનાની ફાઇલ નિયત થયેલ સમયમર્યાદામાં અત્રેની કચેરીને જમા કરાવવામાં નહિ આવે તેવા વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજી અત્રેથી મંજુર કરવામાં નહિ આવે અને આપના લોગીનમાં ઓનલાઇન પરત મોકલવામાં આવશે અને આવા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અંગે ભવિષ્યમાં જે કોઇ પ્રશ્ન

૫૫૩૨

ઉપસ્થિત થશે તેની તમામ જવાબદારી શાળા/સંસ્થાના આચાર્યશ્રી અને નોડલ અધિકારીશ્રીને રહેશે. જેની ખાસ લેવા વિનંતી.

વધુમાં આપને જણાવવાનું કે, વર્ષ:૨૦૧૭-૧૮ થી વર્ષ:૨૦૨૦-૨૧ સુધીનું NSP PORTAL પર અમલિત યોજનાઓનું ઓડીટ A.G. કચેરી મારફત હાથ ધરવામાં આવેલ હતું. જેમાં ઓડીટના ધ્યાનમાં આવેલ મુદ્દાઓ નીચે મુજબ છે. જેની પૂરતી તકેદારી આપ સૌએ રાખવાની રહેશે. ભવિષ્યમાં આપની શાળા/સંસ્થા/કોલેજનું પણ ઓડીટ થઇ શકે છે અને આપને આવી મુશ્કેલી ઉભી ન થાય તે માટે નીચેના મુદ્દાઓની ખાસ કાળજી રાખવી અને ગંભીરતાપૂર્વક કામગીરી કરવા આપને જણાવવામાં આવે છે.

(૧) શાળા/સંસ્થા/કોલેજ ને લગતી વિગતો તેમજ આધાર રેકર્ડ ઉપર રાખવા.

- Affiliation Certificate (માન્યતા/મંજુરી પ્રમાણપત્ર)
- Board Certificate (બોર્ડનું પ્રમાણપત્ર)
- Division Sanction Latter (ધોરણવાઇઝ મળેલ મંજુરી પત્ર, DEO/DPEO મારફત મળેલ પત્ર/આદેશ)
- Sanction Letter of Strength of School (શાળા/સંસ્થાની મંજુએ થયેલ માન્ય સંખ્યાનો પત્ર/આદેશ)
- FRC (એફ.આર.સી. ની નકલ)

(૨) વિદ્યાર્થીઓના ઓનલાઇન ફોર્મ જરૂરી આધારો સહિત રાખવા

- Online Application Form
- Caste Certificate
- Income Certificate
- Bank Detailed of Student's
- Passing Certificate / Result
- Fee receipt
- Aadhar Card

(૩) યોજનાની પાત્રતા ધરાવતા ન હોય તેવા વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજી મંજુર કરવી નહિ.

- ૫૦% થી ઓછા હોય તેવા વિદ્યાર્થી
- યોજનાની નિયત્ત થયેલ આવકમર્યાદા કરતાં વધુ આવક ધરાવતા વિદ્યાર્થીઓ
- ધાર્મિક લઘુમતિમાં આવતા ન હોય તેવા વિદ્યાર્થીઓ
- આપની શાળા/સંસ્થામાં અભ્યાસ કરતા ન હોય તેવા વિદ્યાર્થીઓ
- સરકારશ્રીની અન્ય શિષ્યવૃત્તિ યોજનામાં અરજી કરેલ હોય કે શિષ્યવૃત્તિ મેળવેલ હોય તેવા વિદ્યાર્થી

યોજનાને લગતી વધુ માહિતી સામાજીક ન્યાય અધિકારીતા વિભાગની Website: https://sje.gujarat.gov.in/ddcw/ → કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ પર Click કરી ભારત સરકારની લઘુમતી જાતિની પ્રિ-મેટ્રીક, તેમજ પોસ્ટમેટ્રીક અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ યોજનાની માહિતી Pdf Format માં જોઇ શકાશે. તેમજ માર્ગદર્શન તથા અન્ય વિગતોની માહિતી https://scholarships.gov.in/ વેબસાઇટ ના હોમ પેજ પર પ્રિ.મેટ્રીક, પોસ્ટ મેટ્રીક, મેરીટ કમ મીન્સ અને બેગમ હજરત મહલ શિષ્યવૃત્તિ અંગેની યોજનાવાઇઝ અલગ અલગ ધારાધોરણ અને માહિતી પુરી પાડેલ છે. જે પણ ધ્યાને લેવા વિનંતી છે.

નોંધ :- ફક્ત "BHMNS" યોજનાની ફાઇલ જરૂરી આધારો સહિત અત્રે જમા કરાવવાની થાય છે. તેમજ NSP પોર્ટલની ઉક્ત યોજનાઓની ફાઇલ શાળા/સંસ્થા/કોલેજના રેકર્ડ પર રાખવાની રહેશે અને ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી જાળવવાની રહેશે. તેમજ ઓડીટ ટીમ મારફત ઓડીટ આવે ત્યારે તમામ વિગતો પુરી પાડવાની રહેશે.

બિડાણ :-

(૧) નિયત નમૂનાનું પ્રમાણપત્ર – BHMNS માટે

(આર.ડી.બલદાણિયા)
જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ, સુરત

નકલ સવિનય જાણ સારૂ રવાના :-

(૧) માનનીય નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ સવિનય જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :-

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ આપના તાબા હેઠળની શાળા/સંસ્થાઓને જાણ કરવા અને કચેરીની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.